# સરપ્રાઇઝ (આશ્ચર્યજનક) તબીબી બિલ સામે તમારા અધિકારો અને સુરક્ષા

જ્યારે તમે કટોકટીની સંભાળ પ્રાપ્ત કરો છો અથવા આઉટ-ઓફ-નેટવર્ક (નેટવર્કની બહારના) પ્રદાતા દ્વારા ઇન-નેટવર્ક હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટરમાં સારવાર પ્રાપ્ત કરો છો, ત્યારે તમે બેલેન્સ બિલિંગથી સુરક્ષિત છો. આ કિસ્સાઓમાં, તમારી પાસેથી તમારા પ્લાનની સહ-ચુકવણીઓ, સહવીમા અને/અથવા કપાતપાત્ર કરતાં વધુ શુલ્ક લેવામાં આવવો જોઈએ નહીં.

## "બેલેન્સ બિલિંગ" શું છે (કેટલીકવાર "સરપ્રાઇઝ બિલિંગ" પણ કહેવાય છે)?

જ્યારે તમે કોઈ ડૉક્ટર અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતાને બતાવો છો, ત્યારે તમને અમુક ખિસ્સા બહારના ખર્ચાઓ, જેમ કે કો-પેમેન્ટ (સહચુકવણી), સહવીમો અને/અથવા કપાતપાત્ર માટે ચૂકવણી કરવી પડી શકે છે. જો તમે કોઈ પ્રદાતાની મુલાકાત લેશો અથવા તમારા સ્વાસ્થ્ય યોજનાના નેટવર્કમાં ન હોય તેવી આરોગ્ય સંભાળ સુવિધાની મુલાકાત લો તો તમને અન્ય ખર્ચ લાગી શકે છે અથવા તમારે આખું બિલ ચૂકવવું પડશે.

"આઉટ-ઓફ-નેટવર્ક" એટલે એવા પ્રદાતાઓ અને સુવિધાઓ કે જેમણે સેવાઓ પ્રદાન કરવા માટે તમારા સ્વાસ્થ્ય યોજના સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા નથી. આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતાઓને તમારી યોજના જે ચૂકવવા માટે સંમત છે તે અને સેવા માટે વસૂલવામાં આવેલી કુલ રકમ વચ્ચેના તફાવતનું તમને બિલ આપવાની પરવાનગી આપવામાં આવી શકે છે. આને "**બેલેન્સ બિલિંગ**" કહેવામાં આવે છે. આ રકમ એ જ સેવા માટેના ઇન-નેટવર્ક ખર્ચ કરતાં વધુ હોઈ શકે છે અને તે તમારા પ્લાનની કપાતપાત્ર અથવા વાર્ષિક આઉટ-ઓફ-પોકેટ મર્યાદામાં ન પણ ગણાઈ શકે.

"સરપ્રાઇઝ બિલિંગ" એ અનપેક્ષિત બેલેન્સ બિલ છે. આ ત્યારે થઈ શકે છે જ્યારે તમે તમારી સંભાળમાં કોણ સામેલ છે તે નિયંત્રિત કરી શકતા નથી - જેમ કે જ્યારે તમને કોઈ કટોકટી હોય અથવા ઇન-નેટવર્ક સુવિધા પર મુલાકાત નિર્ધારિત કરો પરંતુ નેટવર્કની બહારના પ્રદાતા દ્વારા અણધારી રીતે સારવાર કરવામાં આવે.

## તમે નીચેના માટે બેલેન્સ બિલિંગથી સુરક્ષિત છો:

### કટોકટી સેવાઓ

ધારો કે તમને એક કટોકટીની તબીબી સ્થિતિ થાય છે અને તમે એક નેટવર્કની બહારના પ્રદાતા અથવા સુવિધા પાસેથી કટોકટીની સેવાઓ મેળવો છો. તે કિસ્સામાં, પ્રદાતા અથવા સુવિધા તમને જે વધુમાં વધુ

જે બિલ આપી શકે છે તે તમારા પ્લાનની ઇન-નેટવર્ક ખર્ચ-શેરિંગ રકમ છે (જેમ કે સહચુકવણી, સહવિમો અને કપાતપાત્ર). આ કટોકટીની સેવાઓ માટે તમને બેલેન્સ બિલ **આપી શકાતું નથી**. આમાં એવી સેવાઓનો સમાવેશ થાય છે કે જ્યાં સુધી તમે સ્થિર સ્થિતિમાં હોવ તે પછી તમે મેળવી શકો છો, સિવાય કે તમે લેખિત સંમતિ આપો અને આ પોસ્ટ-સ્ટેબિલાઈઝેશન (સ્થિરીકરણ) સેવાઓ માટે બેલેન્સ બિલ ન મેળવવા માટે તમારી સુરક્ષા છોડી દો.

**ઇન-નેટવર્ક હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટરમાં અમુક સેવાઓ**

જ્યારે તમે ઇન-નેટવર્ક હોસ્પિટલ અથવા એમ્બ્યુલેટરી સર્જિકલ સેન્ટરમાંથી સેવાઓ મેળવો છો, ત્યારે અમુક પ્રદાતાઓ નેટવર્કની બહારના હોઈ શકે છે. આ કિસ્સાઓમાં, તે પ્રદાતાઓ તમને વધુમાં વધુ જે બિલ આપી શકે છે તે તમારા પ્લાનની ઇન-નેટવર્ક ખર્ચ-શેરિંગ રકમ છે. આ કટોકટીની દવા, એનેસ્થેસિયા, પેથોલોજી, રેડિયોલોજી, લેબોરેટરી, નિયોનેટોલોજી, આસિસ્ટન્ટ સર્જન, હોસ્પિટલિસ્ટ અથવા ઇન્ટેન્સિવિસ્ટ સેવાઓ પર લાગુ પડે છે. આ પ્રદાતાઓ તમને બેલેન્સ બિલ **આપી શકતા નથી** અને બેલેન્સ બિલ મેળવવા માટે તમને તમારી સુરક્ષા છોડી દેવા માટે કહી શકશે **નહીં**.

જો તમે આ ઇન-નેટવર્ક સુવિધાઓ પર અન્ય પ્રકારની સેવાઓ મેળવો છો, તો નેટવર્કની બહારના પ્રદાતાઓ તમને બેલેન્સ બિલ **આપી શકતા નથી** જ્યાં સુધી તમે લેખિત સંમતિ ન આપો અને તમારી સુરક્ષાનો ત્યાગ કરો.

ન્યૂ જર્સીનો કાયદો તમને અજાણતા આઉટ-ઓફ-નેટવર્ક સેવાઓ (નેટવર્કની બહારના પ્રદાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી ઇન-નેટવર્ક સુવિધા પરની સેવાઓ) માટે તમારી ઇન-નેટવર્ક ખર્ચ-શેરિંગ રકમ (દા.ત., તમારી કપાતપાત્ર રકમ, સહ-ચુકવણીઓ અથવા સહવીમો જો સમાન સેવાઓ ઇન-નેટવર્ક ધોરણે પ્રદાન કરવામાં આવી હોત) કરતાં વધુ રકમનું બિલ મેળવવાથી પણ રક્ષણ કરે છે.

**તમારે <u>ક્યારેય</u> પણ બેલેન્સ બિલિંગથી તમારું રક્ષણ છોડવાની જરૂર નથી. તમારે નેટવર્કની બહારથી સંભાળ લેવાની પણ જરૂર નથી. તમે તમારા પ્લાનના નેટવર્કમાં પ્રદાતા અથવા સુવિધા પસંદ કરી શકો છો.**

**<u>જ્યારે બેલેન્સ બિલિંગની મંજૂરી ન હોય, ત્યારે તમારી પાસે નીચેની સુરક્ષા પણ છે:</u>**

- તમે તમારા ખર્ચનો હિસ્સો જ ચૂકવવા માટે જવાબદાર છો (જેમ કે સહચુકવણી, સહવીમો અને કપાતપાત્ર કે જે પ્રદાતા અથવા સુવિધા ઇન-નેટવર્ક હોય તો તમે જે ચૂકવવાના હતા). તમારો હેલ્થ પ્લાન સીધા જ કોઈપણ વધારાના ખર્ચ નેટવર્કની બહારના પ્રદાતાઓ અને સુવિધાઓને ચૂકવશે
- સામાન્ય રીતે, તમારા હેલ્થ પ્લાનમાં આટલું થવું આવશ્યક છે:

- તમને સેવાઓ માટે અગાઉથી મંજૂરી (જેને "પૂર્વ અધિકૃતતા" તરીકે પણ ઓળખવામાં આવે છે) મેળવવાની જરૂર વગર કટોકટીની સેવાઓને આવરી લેવી જોઈએ
- આઉટ-ઓફ-નેટવર્ક પ્રદાતાઓ દ્વારા કટોકટીની સેવાઓને આવરી લેવી જોઈએ
- ઇન-નેટવર્ક પ્રદાતા અથવા સુવિધાને તે શું ચૂકવશે તેના આધારે તમારે પ્રદાતા અથવા સુવિધા (કિંમત-શેરિંગ) ને કેટલા ચુકવવાના છે તે આધારિત કરવું જોઈએ અને તે રકમ તમારા લાભોના સ્પષ્ટીકરણમાં દર્શાવવી જોઈએ.
- કટોકટીની સેવાઓ અથવા નેટવર્કની બહારની સેવાઓ માટે તમે ચૂકવણી કરો છો તે કોઈપણ રકમને તમારી ઇન-નેટવર્ક કપાતપાત્ર અને ખિસ્સામાંથી બહારની મર્યાદામાં ગણવી જોઈએ

## જો તમને લાગે કે તમને ખોટી રીતે બિલ આપવામાં આવ્યું છે તો,

Virtua Health (વર્ચ્યુયલ હેલ્થ) માટે ગ્રાહક સેવા ડેસ્ક સુધી પહોંચવા માટે 1-833-335-4010 પર સંપર્ક કરો.

ફેડરલ કાયદા હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે મેડિકેર અને મેડિકેડ સેવાઓ, આરોગ્ય અને માનવ સેવા વિભાગના કેન્દ્રોનો 1-800-985-3059 પર સંપર્ક કરો અથવા www.cms.gov/nosurprises/consumers ની મુલાકાત લો.

ન્યૂ જર્સી સ્ટેટ લો હેઠળ તમારા અધિકારો વિશે વધુ માહિતી માટે https://www.state.nj.us/dobi/index.html ની મુલાકાત લો.

ફરિયાદ નોંધાવવા માટે, ન્યુ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ બેન્કિંગ એન્ડ ઈન્સ્યોરન્સનો 609-292-7272 પર સંપર્ક કરો અથવા https://www.state.nj.us/dobi/consumer.htm પર ઓનલાઈન ફરિયાદ નોંધાવો.